# વાપી મહાનગરપાલિકા-વાપી

## ૩૯૬૧૯૧, તા-વાપી, જી-વલસાડ

## (સેનીટેશન વિભાગ)

## (જાહેર નોટિસ)

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયલ ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ માં તા.૧૯.૦૨.૨૦૨૬ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ, વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો દ્વારા નીચે મુજબથી ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરી કચરો ડોર ટુ ડોર વાહનોમાં આપવાનો રહેશે.

- ભીનો કચરો: રસોડાનો કચરો, ફળો-શાકભાજી વગેરે.
- સૂકો કચરો: કાગળ, પ્લાસ્ટિક, કાચ, ધાતુ વગેરે.
- સેનિટરી કચરો: વપરાયેલા ડાયપર,સેનિટરી પેડ્સ વગેરે (આ કચરાને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી બેગ અથવા યોગ્ય કાગળમાં સુરક્ષિત રીતે લપેટીને અલગ રાખવો).
- વિશેષ કાળજીનો કચરો (**Specai Care Waste**)જોખમી ઘરગથ્થુ કચરો.

કચરો શેરીઓમાં, ખુલ્લી જગ્યાઓમાં, ગટરમાં કે જળાશયોમાં ફેંકવો, બાળવો અથવા દાટવો એ કાનૂની ગુનો છે. આ નિયમો હેઠળ વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો વગેરેનો સમાવેશ થાય છે.

જો એકમ દ્વારા ઉપરોક્ત મુજબથી ૪ પ્રકારે કચરો અલગ અલગ આપવામાં નહિ આવે અને કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલૂમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ-૨૦૨૬ ની જોગવાઈઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

વાપી શહેરને સ્વચ્છ અને પર્યાવણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

**સહી**

**નાયબ મ્યુનિસિપલ કમિશનર**

**વાપી મહાનગરપાલિકા**

**"સ્વચ્છતા આપના સૌની ફરજ, સ્વચ્છતા આપણા સૌનો અધિકાર".**

નં. માહિતી/વલસાડ/૨૩૬/૨૦૨૬